રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨-૦૯-૨૦૧૭

**ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-જામજોધપુર-યુનિટ-૫-૦૯૨૦૧૭**

**જામજોધપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૫૪-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **જામજોધપુર** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **જામજોધપુર** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ-૨૮** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬.	રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની **કુલ વસતિ ૨૫૮૯૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૭** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૩૬૯૯** ની થાય છે.

૭.	એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે **વોર્ડ નં.૫** સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮.	શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯.	સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦.	નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧.	જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૨** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૨** બેઠક પૈકી **૧** બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨.	સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા **૭** સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૭ | ૩૩૮૫ | ૧૮૭૩ | ૫૫.૩૩ |
| ૨ | ૨ | ૪૦૫૧ | ૧૮૩ | ૪.૫૦ |
| ૩ | ૩ | ૩૬૮૪ | ૨૬ | ૦.૭૧ |
| ૪ | ૬ | ૩૮૧૨ | ૮ | ૦.૨૦ |
| ૫ | ૧ | ૩૯૬૪ | ૪ | ૦.૧૦ |
| ૬ | ૪ | ૩૭૨૨ | ૦ | ૦.૦૦ |
| ૭ | ૫ | ૩૨૭૪ | ૦ | ૦.૦૦ |
|  | કુલ | ૨૫૮૯૨ | ૨૦૯૪ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ **નં.૭ અને ૨** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ **નં.૨** માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ **નં.૭ અને ૨** માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૭ | **અનુસૂચિત જાતિ** |
| ૨ | ૨ | **અનુસૂચિત જાતિ સ્ત્રી** |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **કોઈપણ** બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૩૬૮૪ | ૧૪૭ | ૩.૯૯ |
| ૨ | ૫ | ૩૨૭૪ | ૮૦ | ૨.૪૪ |
| ૩ | ૪ | ૩૭૨૨ | ૬૪ | ૧.૭૧ |
| ૪ | ૭ | ૩૩૮૫ | ૩૭ | ૧.૦૯ |
| ૫ | ૨ | ૪૦૫૧ | ૩૧ | ૦.૭૬ |
| ૬ | ૬ | ૩૮૧૨ | ૪ | ૦.૧૦ |
| ૭ | ૧ | ૩૯૬૪ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૨૫૮૯૨** | **૩૬૩** | -- |

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી **૧** બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૩** બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને **૩** બેઠકો પૈકી **૧** પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**જામજોધપુર** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૯૬૪ | ૧૬૦૦ | ૪૦.૩૬ |
| ૨ | ૫ | ૩૨૭૪ | ૧૨૦૦ | ૩૬.૬૫ |
| ૩ | ૩ | ૩૬૮૪ | ૧૨૨૪ | ૩૩.૨૨ |
| ૪ | ૬ | ૩૮૧૨ | ૧૧૮૬ | ૩૧.૧૧ |
| ૫ | ૨ | ૪૦૫૧ | ૧૨૨૯ | ૩૦.૩૩ |
| ૬ | ૪ | ૩૭૨૨ | ૧૧૦૫ | ૨૯.૬૯ |
| ૭ | ૭ | ૩૩૮૫ | ૧૦૦૦ | ૨૯.૫૪ |
| | કુલ | ૨૫૮૯૨ | ૮૫૪૪ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ **નં.૧,૫ અને** ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ **નં.૧ અને** ૩ માં પછાતવર્ગની અને વોર્ડ **નં.૫** માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧ | પછાતવર્ગ |
| ૨ | ૫ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | પછાતવર્ગ |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **જામજોધપુર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **જામજોધપુર** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ–૧

## જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર

વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુ.જાતિ વસ્તિ | અનુ. જન. જાતિ વસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૨ | ૦ | ૦ | ૪૨૮ | ૧ થી ૩૪૯ | પેટ્રોલ પંપ રોડ, એન.એન.કન્યા વિદ્યાલયની પશ્ચિમ તરફનો વિસ્તાર, વ્રજ ભુવન, રસિક માર્કેટ વિસ્તાર |
| | ૧૩ | ૪ | ૦ | ૧૨૨૮ | ૧ થી ૧૬૫ | રાજાણી મીલ પ્લોટ વિસ્તાર, સ્વામિનારાયણ મંદિર વિસ્તાર, બસ સ્ટેન્ડ સામેનો વિસ્તાર, |
| | ૨૧ | ૦ | ૦ | ૮૮૨ | ૧ થી ૨૭૧ | ટેલીફોન એકસચેન્જ, બસ સ્ટેન્ડ પાછળ, પંચવટી સોસાયટી |
| | ૨૨ | ૦ | ૦ | ૬૫૫ | ૧ થી ૧૬૯ | રામવાડી રોડ નંબર–૨ થી રીંગરોડ સુધીનો વિસ્તાર |
| | ૨૩ | ૦ | ૦ | ૭૭૧ | ૧ થી ૨૨૧ | રામવાડી રોડ નંબર–૩ તથા ૪ ના આડા ઉભા રોડ સુધીનો વિસ્તાર |
| | કુલ | ૪ | ૦ | ૩૯૬૪ | | |

**<u>વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :</u>**

રે.સ.નં.૧૬૭૩ના વાયવ્ય ખૂણેથી લઈ પૂર્વ તરફ રે.સ.નં. ૧૬૭૨/૧, ૧૬૭૨/૨, ૧૬૭૨/૩, ૧૬૭૧, ૧૬૭૦, ૧૬૬૭, ૧૬૬૬, ૧૬૬૫, ૧૬૬૪, ૧૬૬૩,૧૬૩૧/૨થી આગળ વધતાં રેલ્વે કવાર્ટરની હદે હદે આગળ વધતાં રેલ્વે જકાત નાકાથી દક્ષિણ તરફ આગળ વધતાં નેશનલ પેટ્રોલ પંપથી આગળ વધતાં દીપક એન્ડ સન્સના ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં એન.એન.સંતોકી સ્કૂલના ખૂણાથી દક્ષિણ તરફ રામવાડી રોડ નંબર–૨,રામવાડી રોડ નંબર–૩ ની હદે હદે આગળ વધતાં રે.સ.નં. ૧૬૬૩,૧૬૫૨,૧૬૮૪,૧૬૯૫ ના ખૂણાથી રે.સ.નં. ૧૬૯૬ થી ઉત્તર તરફ રે.સ.નંબર ૧૬૭૭, ૧૬૭૫, ૧૬૭૬, ૧૬૭૪/૨, ૧૬૭૪/૧, ૧૬૭૩ના ઉત્તર ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૨ | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | **૧** | **૧૫૨** | **૧૫** | **૯૮૩** | ૧ થી ૨૨૦ | સોમનાથ સોસાયટી, લોહાણા આવાસ, સરકારી દવાખાનુ, હરસિદ્ધિ પાર્ક |
| | **૧૪** | **૦** | **૦** | **૪૬૮** | ૧ થી ૧૬૫ | રેલ્વે સ્ટેશન રોડની જમણી સાઈડ, વિજય ઓઈલ મીલ વિસ્તાર |
| | **૧૫** | **૧૮** | **૯** | **૧૭૪** | ૧ થી ૦૯૬ | સ્ટેશન પ્લોટ વિસ્તાર |
| | **૧૬** | **૮** | **૪** | **૫૪૬** | ૧ થી ૧૬૭ | બાલ મંદિર રોડ, સોની મહાજન વાડી રોડ, તથા આડા નાકા |
| | **૧૭** | **૫** | **૨** | **૮૨૮** | ૧ થી ૨૨૭ | ગાયત્રીનગર વિસ્તાર, કલ્યાણ સોસાયટી |
| | **૧૮** | **૦** | **૦** | **૪૨૪** | ૧ થી ૨૨૪ | પુનમ હોટલ રોડ તથા આડા નાકા, ન્યાય મંદિર સામેનો રોડ તથા પાવર હાઉસ સામેનો રોડ વિસ્તાર |
| | **૧૯** | **૦** | **૧** | **૪૬૯** | ૧ થી ૩૫૦ | સ્ટેશન પ્લોટ ચાવડા મેન્શન વાળો રોડ તથા નાકા વિસ્તાર |
| | **૨૦** | **૦** | **૦** | **૧૫૯** | ૧ થી ૨૧૬ | બાલ મંદિર સામે રોડ, સ્ટેશન પ્લોટ વિસ્તાર |
| | | **૧૮૩** | **૩૧** | **૪૦૫૧** | | |

**<u>વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :</u>**

રે.સ.નંબર ૧૩૯૦ ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ રે.સ.નંબર ૧૩૯૩,૧૩૯૪,૧૪૦૮,૧૪૦૯, ૧૪૦૭, ૧૪૨૫, ૧૪૨૩, ૧૪૩૨, ૧૪૩૦/૨, ૧૪૨૯,૧૬૨૯, ૧૬૨૭, ૧૬૧૪,૧૬૧૯, ૧૫૯૧, ૧૫૭૪, ૧૫૭૭, ૧૫૭૧થી દક્ષિણ તરફ રે.સ.નંબર ૧૫૭૮,૧૫૮૩/૨,૧૫૮૪/૨ ધ્રાફા ફાટક થઈ દક્ષિણ તરફ ગાયત્રી મંદિરની હદે હદે સહકારી મંડળીની પૂર્વ તરફની દિવાલની હદે હદે ગેસ ઓફિસથી જયોત પાનના ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં પુનમ હોટલ આગળ વધતાં મીલન રસના ખૂણાથી ઉત્તર તરફ આગળ વધતાં લોહાણા મહાજન વાડીથી આગળ વધતાં મનહર બિલ્ડીગથી આગળ વધતાં રેલ્વે સ્ટેશન સોનલ મંદિરથી પશ્ચિમ બાજુ રે.સ.નંબર ૧૩૯૯,૧૪૦૪,૧૩૯૭, ૧૩૯૬, ૧૩૯૨ થી ઉત્તર તરફ રે. સ.નંબર ૧૩૯૧ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૩ | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૨ | ૬ | ૦ | ૭૧૦ | ૧ થી ૧૫૯ | ગાયત્રીમંદિર વિસ્તાર, ઉમિયાનગર, રોયલ એપાર્ટમેન્ટ , ક્રિષ્ના પાર્ક |
| | ૩ | ૦ | ૦ | ૮૧૧ | ૧ થી ૧૭૮ | તિરૂપતિ સોસાયટી, ચીત્રકુટ સોસાયટી |
| | ૪ | ૪ | ૦ | ૫૫૭ | ૧ થી ૧૩૩ | તિરૂપતિ સોસાયટી |
| | ૫ | ૨ | ૧૦૭ | ૭૨૨ | ૧ થી ૧૫૫ | માધવ પાર્ક, ભગવતી પરા, પાવર હાઉસ સામેનો વિસ્તાર |
| | ૬ | ૫ | ૧૫ | ૪૬૦ | ૧ થી ૯૦ | ભગવતી પરા, વિજય નગર, જલારામ મંદિર વિસ્તાર |
| | ૪૧ | ૯ | ૨૫ | ૪૨૪ | ૧ થી ૧૭૧ | ભગવતીપરા, જલારામ મંદિર વિસ્તાર, કોટડા ગારી વિસ્તાર |
| | | ૨૬ | ૧૪૭ | ૩૬૮૪ | | |

**<u>વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :</u>**

જામજોધપુર નગરપાલિકાના વોર્ડ નં.૩ના વાયવ્ય ખૂણેથી રે.સ.નંબર ૭૩૬, ૭૩૮, ૬૩૫, ૬૩૭, ૬૩૮, ૬૩૯, ૪૭૮, ૪૭૭, ૪૭૬, ૪૭૫, ૪૬૬, ૪૬૫, ૪૬૪ થી ક્રિકેટ ગ્રાઉન્ડથી ઉત્તર તરફ આગળ વધતાં નગરપાલિકા કચેરીથી આગળ વધતાં જલ શકિત સર્કલથી આગળ વધતાં શ્રીજી માર્બલથી હર્ષદમાતાના મંદિરથી આગળ વધતાં કુંભાર જ્ઞાતિની વાડીથી રે.સ.નં.૬૫૩, ૬૫૨, ૬૫૧, ૬૪૯થી રેલ્વે લાઈન ક્રોસ કરતાં રે.સ.નં.૭૩૪, ૭૩૫ થી રે.સ.નં.૭૩૬ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૪ | | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત | |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૪ | ૯ | ૦ | ૦ | ૨૯૦ | ૧ થી ૨૦૨ | આઝાદ ચોક,નહેરૂ રોડ,બાલ મંદિર રોડ | |
| | ૧૦ | ૦ | ૦ | ૩૬૬ | ૧ થી ૨૩૮ | માકડીયા વાડી | |
| | ૧૧ | ૦ | ૫૪ | ૯૮૨ | ૧ થી ૨૨૯ | પટેલ મીલ વાવ વિસ્તાર, ભાટીયા ધરમશાળા, ફુલવાડી વિસ્તાર,ખોજાખાના | |
| | ૨૪ | ૦ | ૧૦ | ૫૬૬ | ૧ થી ૧૮૯ | રામવાડી–૪ તથા દોઢીયાવાડી વિસ્તાર | |
| | ૨૫ | ૦ | ૦ | ૪૨૩ | ૧ થી ૧૦૪ | માકડીયા વાડી વિસ્તાર, પટેલ સમાજ રોડ, | |
| | ૨૬ | ૦ | ૦ | ૨૩૪ | ૧ થી ૦૭૬ | સોમનાથ મંદિર રોડ, સેન્ટ્રલ બેંક રોડ, પટેલ સમાજ સામેની ગલી વિસ્તાર | |
| | ૨૭ | ૦ | ૦ | ૩૮૮ | ૧ થી ૧૦૫ | માકડીયા વાડી | |
| | ૨૮ | ૦ | ૦ | ૪૭૩ | ૧ થી ૩૬૯ | ગાંધી ચોક, આઝાદ ચોક, સુભાષરોડ | |
| | | ૦ | ૬૪ | ૩૭૨૨ | | | |

**<u>વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :</u>**

જામજોધપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ નં.૪ ના રે.સ.નં.૬૯૮થી પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.નં. ૬૯૫, ૬૯૪, ૬૯૩ થી ભાટીયા ધરમશાળાથી દક્ષિણ તરફ આગળ વધતાં અંબાવી પંચાણની દુકાનના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં બાલ મંદિરથી આગળ વધતાં સતી આઈ પાનના નૈઋત્ય ખૂણાથી આગળ વધતાં ઠકકરબાપા રોડની જમણી બાજુ આગળ વધતાં શિવા પ્રોવિઝન સ્ટોરના ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં ગેલેકસી પાનથી પ્રભાત સ્ટુડીયાથી પશ્ચિમ તરફ શિતળા માતાના મંદિરથી પશ્ચિમ તરફ આગળ વધતાં ખેતલાના ઓટાથી આગળ વધતાં દોઢીયા વાડી સ.નં.૧૬૮૬ ના નૈઋત્ય ખૂણાથી રે.સ.નં. ૧૭૪૦ની ઉત્તર તરફ સ.નં. ૧૬૯૩, ૧૬૮૫, ૧૬૮૭, ૧૬૫૦, ૧૬૫૧, ૧૬૪૪ પટેલ સમાજના ખૂણાથી ઉત્તર તરફ આગળ વધતાં પટેલ કન્યા છાત્રાલયની હદે હદે સ.નં. ૬૯૮ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૫ | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૩૬ | ૦ | ૦ | ૬૭૯ | ૧ થી ૨૯૧ | શંભુ નીવાસ, સગરપા, સિનેમા રોડ, કાલાવાડો, તકીયા, દરબાર ગઢ |
| | ૩૭ | ૦ | ૦ | ૨૯૭ | ૧ થી ૧૩૦ | હનુમાન ગલી, ત્રીશુલ ચોક, જાવીયા નાકુ, સિનેમા સામેનો વિસ્તાર |
| | ૩૯ | ૦ | ૦ | ૪૮૪ | ૧ થી ૧૬૮ | ખરાવાડ પ્લોટ વિસ્તાર |
| | ૪૦ | ૦ | ૧૪ | ૫૯૦ | ૧ થી ૨૧૮ | જામવાડી જાપા વિસ્તાર તથા ખરાવાડ કોળીપા વિસ્તાર પાટણ રોડ વિસ્તાર |
| | ૪૮ | ૦ | ૦ | ૭૮૭ | ૧ થી ૧૮૭ | ઘાંસ ગોડાઉન, પાળેશ્વર, ધરાનગર |
| | ૪૯ | ૦ | ૬૬ | ૪૩૭ | ૧ થી ૧૦૭ | વાવળીયા નેશ, વડાળી નેશ, પીપળેશ્વર મંદિર વિસ્તાર, વાડી વિસ્તાર |
| | | ૦ | ૮૦ | ૩૨૭૪ | | |

**<u>વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :</u>**

જામજોધપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ નં.૫ માં રે.સ.નં. ૧૬૯૨ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૬૪૭ ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ વધતાં બહુચરાજી મંદિરના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં કરણાભાઈ રબારીની ડેરીએથી આગળ વધતાં મોચી સમાજ વંડીથી આગળ વધતાં દક્ષિણ તરફ ચિમનભાઈ ચાવડા (દરજી)ના ઘરના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં હર્ષદમાતાજી મંદિરના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ વધતાં દરબાર ગઢના નૈઋત્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં હનુમાન ડેરીના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ વધતાં ત્રિશુલ ચોકથી જમણી બાજુ આગળ વધતાં મકબુલખાનના મકાનના અગ્નિ ખૂણાથી આગળ વધતાં જાગનાથ મહાદેવ મંદિરથી દક્ષિણ તરફ પીપળેશ્વર મહાદેવ મંદિર વિસ્તારથી ધરાનગરથી ઘાસ ગોડાઉનથી વાવડીયા નેશથી વડાળી નેસથી પાળેશ્વર મંદિર તથા વાડી વિસ્તાર થઈ ગાંધણી નદીના ઉત્તર તરફ ૧૭૫૫, ૧૭૫૧, ૧૭૪૬, ૧૭૪૭, ૧૭૪૫,૧૭૪૪, ૧૭૪૩ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતા સ.નં. ૧૬૯૨ના નૈઋત્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગરપાલિકા, જિલ્લો : જામનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૬ | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૪ | ૩ | ૪૨૪ | ૧ થી ૧૭૧ | પાવર હાઉસ, સન્યાસ આશ્રમ, ગીતા મંદિર |
| | ૮ | ૩ | ૦ | ૪૧૧ | ૧ થી ૧૨૭ | ગંજીવાડો |
| | ૨૯ | ૦ | ૦ | ૩૩૪ | ૧ થી ૧૦૫ | લાડવા શેરી, પાવરીયા રોડ, લીમડા ચોક |
| | ૩૦ | ૦ | ૧ | ૪૫૪ | ૧ થી ૨૩૯ | ઠક્કર બાપા રોડ, લાડવા શેરી મહલા પા, નહેરૂ રોડ, ભુતમેડી રોડ |
| | ૩૧ | ૦ | ૦ | ૩૧૯ | ૧ થી ૧૫૫ | ઉપાશ્રેય રોડ, હવેલી શેરી, જાવીયા નાકુ, સુભાષ રોડ, વાણંદવાવ વાળી શેરી |
| | ૩૨ | ૧ | ૦ | ૨૯૦ | ૧ થી ૧૪૭ | કારાવડીયા ફરી, વાછાણી વાવ, સંતોકી ડેલી, સીણોજીયા ફરી, રાબડીયા નાકા વિસ્તાર |
| | ૩૩ | ૦ | ૦ | ૪૬૩ | ૧ થી ૧૮૩ | કડીવાર નાકુ, કાંજીયા ફરી, બેરીસ્ટર ચોક, બાલા હનુમાન રોડ, પટેલ ડેલી |
| | ૩૪ | ૦ | ૦ | ૪૯૪ | ૧ થી ૧૮૧ | ખાંટ પા, કંટારીયા દેવ ભુવન |
| | ૩૫ | ૦ | ૦ | ૨૫૬ | ૧ થી ૧૭૯ | લીમડા ચોક , મોટી હવેલી, સુયપ્રકાશ હોટલ, બકોરી નાકુ, જૂના ઉપાશ્રેય રોડ |
| | ૩૮ | ૦ | ૦ | ૩૬૭ | ૧ થી ૧૭૮ | સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, આંબેડકર રોડ, ડોલા ચોક, રાજાણી શેરી, બાણુગારીયા નાકા વિસ્તાર |
| | | ૮ | ૪ | ૩૮૧૨ | | |

## વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :

તાલુકા પંચાયત કચેરીના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં ન્યાય મંદિર ટાઉન હોલ થઈ પી.જી.વી.સી.એલ.ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ થઈ ગીતા મંદિરના નૈઋત્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં પાવરીયાથી આગળ વધતાં વિપુલ પાનથી આગળ વધતાં ખોડીયાર પાન એન્ડ હોટલના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ વધતાં ડો. આંબેડકર રોડની જમણી બાજુ પશ્ચિમ તરફ આગળ વધતાં મદ્રેશાના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ વધતાં ત્રીશુલ ચોકની જમણી બાજુ ઉત્તર તરફ અપ્રેશ ટેઈલરથી સરદાર વલ્લભભાઈ પટેલ રોડના સામેની બાજુ વાયવ્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં ચોરા સુધી અને ચોરાના નૈઋત્ય ખૂણાથી કલ્યાણ રાયજીના મંદિર ના વાયવ્ય ખૂણાથી લઈ ખાંટ શેરી અને તેની આગળ વધતાં હરીભાઈ રામોલીયાના ઘરના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ વધતાં ગેબનશાહ પીર દરગાહ ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધતાં ધારા પ્રોવિઝન સ્ટોરના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ વધતાં વિનાયક ફર્નિચરના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં ખેતલાના ઓટાની જમણી બાજુ સુભાષ રોડે રોડે આગળ વધતાં બેરીસ્ટર ચોકની જમણી બાજુ આગળ વધતાં શ્રીરામ જવેલર્સથી આગળ વધતાં ભદ્રેશભાઈ ઠકરારના (નારાયણ) ઘરના ઈશાન ખૂણાથી સામે સુપર પ્રોવિજન સ્ટોરના નૈઋત્ય ખૂણાથી ઠક્કર બાપા રોડની જમણી બાજુ ઉત્તર તરફ જૈન દેરાસરથી આગળ વધતાં તાલુકા પંચાયત કચેરીના નૈઋત્ય ખૂણા સુધી સમાવિષ્ટ તમામ વિસ્તાર.

| જામજોધપુર નગર પાલિકા, જિલ્લો : જામનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ નં.૭ | | | | | | |
| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અનુજાતિ વસ્તિ | અનુ.જન. જાતિવસ્તિ | કુલ વસ્તિ | ઘર નંબર થી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૪૨ | ૫૪૯ | ૦ | ૫૯૩ | ૧ થી ૧૪૮ | અનુસૂચિત જાતિ વિસ્તાર, આંબેડકર રોડ, |
| | ૪૩ | ૩૮૭ | ૫ | ૬૦૨ | ૧ થી ૧૫૫ | કતલખાના વિસ્તાર, અનુસૂચિત જાતિ વિસ્તાર, નવો વણકર વાસ |
| | ૪૪ | ૦૫ | ૦ | ૪૫૪ | ૧ થી ૧૧૮ | રબારી પા, કતલખાના સામેનો વિસ્તાર |
| | ૪૫ | ૩૯૯ | ૦ | ૪૦૮ | ૧ થી ૦૯૧ | શાંતિનગર વિસ્તાર, અનુસૂચિત જાતિ વિસ્તાર |
| | ૪૬ | ૫૩૩ | ૦ | ૬૭૩ | ૧ થી ૧૧૮ | સિધ્ધાર્થ સોસાયટી, શાંતિનગર, ગાંધીપાર્ક |
| | ૪૭ | ૦ | ૩૨ | ૬૫૫ | ૧ થી ૧૮૨ | વિકાસનગર, મધર ટેરેસા સ્કૂલ, રબારી પા |
| | કુલ | ૧૮૭૩ | ૩૭ | ૩૩૮૫ | | |

**વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :**

જામજોધપુર નગરપાલિકાના સૂચિત વોર્ડ નં.૭ ના ગીગણી જકાત નાકા બંસરી પાનના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં ઈલોરા ટેઈલરથી આગળ વધતાં મધર ટેરેશા સ્કૂલથી આગળ વધતાં સ.નં. ૩૮૨ ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ વધતાં સ.નં. ૩૮૩/૧, ૩૮૪, ૩૮૯, ૩૯૦, ૩૯૩, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૦૫ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ હિન્દુ સ્મશાનથી પશ્ચિમ તરફ લીલહોકરીના જમણી બાજુના કાઠાથી નગરપાલિકાના સ્ટોરેજ રૂમના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં રઝવી મસ્જિદથી ડો. આંબેડકર ચોકની જમણી બાજુ ઉત્તર તરફ આગળ વધતાં અમુભાઈ મોચીની પાનની દુકાનના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં નગરપાલિકાના ટ્રેક્ટર ગેરેજથી આગળ વધતાં પ્રકાશ હેર આર્ટથી ગીગણી જકાત નાકા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

(મહેશ જોશી)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

## અનુસૂચિ–૨

# રાજય ચૂંટણી આયોગ
# ગુજરાત રાજય
# ગાંધીનગર

| | | |
|---|---|---|
| જામજોધપુર નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૫૮૯૨ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૩૬૯૯ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૦૬૯<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૩૨૯ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૨ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૭ | |
| સામાન્ય બેઠકો | ૧૧ | |

| અ. નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૯૬૪ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૦૫૧ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૩૬૮૪ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૩૭૨૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૩૨૭૪ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૩૮૧૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૭ | ૩૩૮૫ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| | કુલ | ૨૫૮૯૨ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર